અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૩ | ૨૪ નવેમ્બર, ૨૦૨૦, મંગળવાર; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# તામિલનાડુમાં 'ગતિ' વાવાઝોડાની સંભાવના

**કોરોના મહામારીમાં દેશ પર વધુ એક સંકટ : ગુજરાત પર અસરની નહિવત શક્યતા : તોફાની વાવાઝોડું દેશના દરિયા કિનારે ટકરાશે :ભારે વરસાદ થવાની વકી**

ચેન્નાઈ, તા. ૨૩

કોરોનાના મહાસંકટ વચ્ચે વધુ એક વાવાઝોડાનું સંકટ ઉભું થયું છે. હવામાન વિભાગે બંગાળની ખાડીમાં બની રહેલા હવાના ઓછા દબાણના કારણે આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું આવવાની સંભાવના વ્યક્ત કરી છે. ગતિ નામનું વાવાઝોડું તામિલનાડુ કે પોંડિચેરી આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાત પર વાવાઝોડાની કોઈ અસર થવાની સંભાવના નહિવત.

બંગાળની ખાડીમાં બનેલું હવાનું દબાણ આગામી સમયમાં વાવાઝોડાનું સ્વરુપ ધારણ કરી શકે છે. હવામાન વિભાગનું માનવું છે કે ૨૫ નવેમ્બરની બપોર સુધીમાં તે કરઈક્કલ અને મામલ્લપુરમ થઈને પસાર થઈ શકે છે. વાવાઝોડાની સંભાવના અંગે હવામાન વિભાગના એસ બાબચંદ્રએ સોમવારે સવારે જણાવ્યું છે કે, દક્ષિણ પશ્ચિમની ખાડી ઉપર બનેલું હવાનું દબાણ પોંડિચેરીથી ૬૦૦ કિલોમીટર અને ચેન્નાઈથી ૬૩૦ કિલોમીટર દૂર છે. જે આગામી ૨૪ કલાકમાં તોફાની વાવાઝોડાનું સ્વરુપ ધારણ કરી શકે છે.

આ વાવાઝોડાના કારણે તામિલનાડુ, પોંડિચેરી અને કરઈક્કલમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. આ પહેલા રવિવારે હવામાન વિભાગે આગાહી કરી હતી કે દક્ષિણ પશ્ચિમ અરબી સમુદ્રમાં ઉઠેલું વાવાઝોડું 'ગતિ' ઘણું જ ગંભીર કેટેગરીનું છે. તે પશ્ચિમ તરફ વધી રહ્યું છે.

ગુજરાતની વાત કરીએ તો આ વાવાઝોડાની કોઈ અસર વિશેની સંભાવના વ્યક્ત કરવામાં નથી આવી. ગુજરાતમાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન સાફ રહેવાનું છે. આજે અને આવતીકાલે ગુજરાતના વિવિધ ભાગોમાં ઠંડીના પ્રમાણ વધવાનું છે. કચ્છમાં કોલ્ડવેવ કન્ડિશનનો અનુભવ થઈ શકે છે.

# મહારાષ્ટ્રમાં પ્રવેશવા ગુજરાત સહિત ૪ રાજ્યના યાત્રી માટે કોરોના ટેસ્ટ ફરજિયાત

મુંબઈ, તા. ૨૩

દિવાળી બાદ દેશભરમાં કોરોનાની બીજી લહેર શરૂ થઈ ગઈ છે. અને કોરોના કેસોમાં



ધરખમ ઉછાળો આવી રહ્યો છે. કોરોનાને કાબૂમાં લેવા માટે ફરીથી દેશભરના અનેક રાજ્યોમાં નાઈટ કરફ્યૂ સહિતનાં પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. તેવામાં કોરોનાને લઈ મહારાષ્ટ્રની ઉદ્ધવ સરકારે પણ એક આકરું પગલું ભર્યું છે. હવે ગુજરાત, રાજસ્થાન, એનસીઆર અને ગોવાથી મહારાષ્ટ્ર આવતાં તમામ લોકો માટે કોરોના ટેસ્ટ ફરજિયાત કરી દેવામાં આવ્યો છે. આ નિયમ રેલ્વે અને પ્લેનથી આવતાં મુસાફરો માટે પણ લાગુ કરવામાં આવ્યો છે.

**કોરોનાને કાબૂમાં લેવા મહારાષ્ટ્ર સરકારનાં હવાતિંયાં : દિલ્હી, ગુજરાત, રાજસ્થાન, ગોવાથી આવતા પ્રવાસીનો કોરોના ટેસ્ટ નેગટિવ હશે તો જ પ્રવેશ મળશે**

કોરોના મહામારી પર નિયંત્રણ માટે મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારે આ પગલું લીધું છે. આ પગલાંની જાહેરાત કરતા મહારાષ્ટ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે હવે દિલ્હી-એનસીઆર, ગુજરાત, રાજસ્થાન અને ગોવામાંથી હવે ફક્ત તે પ્રવાસીઓને જ મહારાષ્ટ્રમાં પ્રવેશની પરવાનગી મળશે જેમની પાસે તેમનો કોવિડ ટેસ્ટ નેગેટિવ રિપોર્ટ હશે. આ શરત વિમાન અને

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના સંદર્ભે સુપ્રીમ કોર્ટે ગુજરાતની ઝાટકણી કાઢી

**દિલ્હી, મહારાષ્ટ્ર પછી ગુજરાતની સ્થિતિ કોરોના મામલે ખરાબ છે અને તમે લોકોને ભેગા થવાની છૂટ આપો છો?**

નવી દિલ્હી,તા.૨૩

દિવાળી પછી દેશના અનેક રાજ્યોમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે હવે આ મામલે મહારાષ્ટ્ર, ગુજરાત અને આસામમાં પણ વધતા જતા કેસના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા શું પગલાં લેવામાં આવી રહ્યા છે તેની માહિતી



- **તમારી પોલિસી શું છે? શું થઈ રહ્યું છે ? આ બધું શું છે? : સુપ્રિમનો ગુજરાત સરકારને સવાલ**
- **ગુજરાત સહિત ૪ રાજ્યો સામે સુપ્રિમની લાલઆંખ**
- **કોરોનાને રોકવા શું પગલા લીધા? શુક્રવાર સુધીમાં સ્ટેટસ રીપોર્ટ આપવા ગુજરાત- દિલ્હી- મહારાષ્ટ્ર- આસામને આદેશ**

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની સાથે સાથે આવા રાજ્યોની સરકારોને પણ આકરા સવાલો પૂછીને ઝાટકણી કાઢી છે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ અશોક ભૂષણની બેચ દ્વારા કેન્દ્ર સરકારને સવાલ કરવામાં આવ્યા છે કે, તેમણે દેશમાં કોરોનાના વધતા જતા કેસ સામે શું પગલાં લીધા છે. તે ઉપરાંત દિલ્હી, આપવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં લગ્ન સમારંભ અને જુદા જુદા સરઘસ તેમજ મેળાવડાની મંજૂરી બાબતે રાજ્ય સરકારની ઝાટકણી કાઢતા કહ્યું કે દેશમાં દિલ્હી અને મહારાષ્ટ્ર પછી ગુજરાતની સ્થિતિ કોરોના મામલે સૌથી ખરાબ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીજીના પ્રપૌત્ર સતીશ ધુપેલિયાનું ૬૬ વર્ષે નિધન

**દક્ષિણ આફ્રિકામાં એક્ટિવિસ્ટ તરીકે કાર્યરત હતા : કોરોના વાયરસની સમસ્યાઓને લીધે દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગમાં નિધન થયાને પરિવારનું સમર્થન**

નવી દિલ્હી, તા. ૨૩

મહાત્મા ગાંધીના પ્રપૌત્ર સતીશ ધુપેલિયાનું કોરોના વાયરસ સંબંધિત સમસ્યાઓના કારણે દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગમાં નિધન થઈ ગયું. તેઓ ૬૬ વર્ષના હતા અને દક્ષિણ આફ્રિકામાં



એક એક્ટિવિસ્ટ તરીકે કાર્યરત હતા. તેમના પરિવારે પણ આ વાતની પુષ્ટિ કરી છે.

સતીશ ધુપેલિયાના બહેન ઉમા ધુપેલિયા-મેસ્થરીએ આ વાતની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું કે, તેમના ભાઈનું કોવિડ-૧૯ સંબંધિત સમસ્યાઓના કારણે નિધન થઈ ગયું. તેમણે જણાવ્યું કે, તેમના ભાઈને ન્યૂમોનિયા થઈ ગયો હતો આ માટે સારવાર કરવા તેમને હોસ્પિટલમાં લવાયા હતા અને આ દરમિયાન તેઓ કોરોના વાયરસની ચપેટમાં આવી ગયા.

ઉમા ધુપેલિયાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, 'ન્યૂમોનિયાથી એક મહિના સુધી પીડાયા બાદ મારા પ્રિય ભાઈનું નિધન થઈ ગયું. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેઓ કોવિડ-૧૯ સંક્રમિત થયા હતા.' રવિવારે ફેસબુક પર લખેલી એક પોસ્ટમાં તેમણે કહ્યું, આજે સાંજે તેમને હાર્ટ એટેક આવ્યો, જે બાદ તેમનું નિધન થઈ ગયું.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ પહેલા જ સતીશ ધુપેલિયાનો જન્મદિવસ હતો. ઉમા ધુપેલિયાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે, સતીશ ધુપેલિયાનો જન્મ ૧૯ નવેમ્બર ૧૯૫૪એ શશિકાંત અને સીતા ધુપેલિયાના પુત્ર તરીકે થયો હતો. સતીશના પરિવારમાં બે બહેનો ઉમા અને કીર્તિ મેનન છે, જે અહીં જ રહે છે. આ ત્રણેય મણિલાલ ગાંધીના વારસદાર છે. જેમને મહાત્મા ગાંધી પોતાના કાર્યો પૂરા કરવા માટે દક્ષિણ આફ્રિકામાં જ છોડીને ભારત આવ્યા હતા.

# કોરોના રસી સંદર્ભે આજે વડાપ્રધાન રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક કરશે

**વેક્સિનના વિતરણની રણનીતિ તૈયાર કરવા માટે મોદી મંત્રણા કરશે : બેઠકમાં તમામ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદશોથી વેક્સિન વિતરણની રણનીતિ પર ચર્ચા**

નવી દિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોવિડ-૧૯ની હાલની સ્થિતિની સમીક્ષા અને વેક્સીન વિતરણની રણનીતિને લઈને મુખ્યમંત્રીઓ અને રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશોના અન્ય પ્રતિનિધિઓ સાથે મંગળવારે ડિજિટલ માધ્યમથી બેઠક કરી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પીએમ મોદી એક બેઠક તે આઠ રાજ્યોની સાથે કરી શકે છે જ્યાં કોરોના સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. બીજી બેઠકમાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદશોથી વેક્સીન વિતરણની રણનીતિ પર ચર્ચા સંભવિત છે. વડાપ્રધાન મોદી કોરોનાની સ્થિતિની સમીક્ષા માટે અત્યાર સુધી અનેકવાર રાજ્યો સાથે બેઠક કરી ચૂક્યા છે. દેશભરમાં કોરોના વાયરસ સંક્રમણના મામલા છેલ્લા થોડાક દિવસોમાં ૫૦ હજારથી નીચે આવી રહ્યા છે, બીજી તરફ રાજ્યોમાં મામલા ઝડપથી વધ્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિત દેશના કેટલાક શહેરોમાં રાતનો કર્ફ્યૂ લાગી કરી દેવામાં આવ્યો છે. કેન્દ્ર તરફથી સતત એવો પ્રયાસ પણ થઈ રહ્યો છે કે જ્યારે પણ કોરોના વેક્સીન ઉપલબ્ધ થશે, તેનું યોગ્ય વિતરણ થઈ શકે. ભારતમાં હાલ પાંચ વેક્સીન તૈયાર થવાની દિશામાં કામ આગળ વધી રહ્યું છે. તેમાંથી ચાર પરીક્ષણ બીજા કે ત્રીજા ચરણમાં છે જ્યારે એક પહેલા કે બીજા ચરણમાં છે. નોંધનીય છે કે, મહારાષ્ટ્ર, કેરળ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, પંજાબ, હરિયાણા સહિત દેશના અનેક રાજ્યોમાં રવિવારે કોવિડ-૧૯ના નવા કેસ સામે આવ્યા અને બીમારીના કારણે દર્દીઓના મોત પણ થયા છે. વિવિધ રાજ્યોના સ્વાસ્થ્ય વિભાગોએ આ જાણકારી આપી. મહારાષ્ટ્રમાં રવિવારે કોરોના સંક્રમણના ૫૭૫૩ નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૧૭,૮૦,૨૦૮ થઈ ગઈ છે, જ્યારે ૫૦ દર્દીઓનાં મોત થયા બાદ મૃતકોની કુલ સંખ્યા ૪૬૬૨૩ થઈ ગઈ છે. દિવાળીના તહેવારો બાદ ગુજરાતમાં પણ કોરોના વાયરસના પોઝિટિવ કેસોમાં વધારો દેખાઈ રહ્યો છે.

## સ્વદેશી રસી ઓછામાં ઓછી ૬૦% અસરકારક સાબિત થશે

**દેશી કોરોના વેક્સિને આશા જગાવી મંજૂરી મળી ગયા બાદ ૨૦૨૧ના મધ્યભાગમાં કોરોનાની રસી કોવાક્સિન બજારમાં મૂકવાની પ્રક્રિયા હાથ ધરાશે**

નવી દિલ્હી,તા.૨૩

કોરોના મહામારી વચ્ચે મોટી આશા જગાવતા ભારત બાયોટેક કંપનીએ રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આઈસીએમઆરના સહયોગમાં તેમના દ્વારા વિકસાવવામાં આવ રહેલી ભારતની સ્વદેશી રસી કોરોના વાયરસ સામે ઓછામાં ઓછી ૬૦ ટકા અસરકારક સાબિત થશે. ભારત બાયોટેકના ક્વોલિટી ઓપરેશન્સ વિભાગના વડા સાઈ પ્રસાદે જણાવ્યું હતું કે, વિશ્વ આરોગ્ય સંસ્થા, અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અને ભારતના સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશને કોરોનાની રસી જે ઓછામાં ઓછી ૫૦ ટકા અસરકારક હોય તો તેને મંજૂરી આપી છે. ભારત બાયોટેકે જણાવ્યું હતું કે, અમે ઓછામાં ઓછી ૬૦ ટકા અસરકારકતાનો લઘુતમ માપદંડ નક્કી કર્યો છે. અમે હવે આના કરતાં વધુ અસરકારકતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. અત્યાર સુધીના પહેલા અને બીજા તબક્કાના ટ્રાયલનાં

● અનુસંધાન પાન-૭ પર

## કસાબ જેવી ટ્રેનિંગ સાથે ચાર આતંકીઓ દેશમાં ઘૂસ્યા હતા

જમ્મુ, તા. ૨૩

જમ્મુ અને કાશ્મીરના નગરોટામાં આતંકવાદી ષડયંત્ર અસફળ કરી દેવામાં આવ્યું છે. જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદી કંઈ કરી શકે એ પહેલા જ તેમનો ખાત્મો કરી દેવામાં આવ્યો. જેવી શંકા હતી, આતંકવાદીઓ પાસે પાકિસ્તાનમાં બનેલી ચીજો મળી છે. એ સ્પષ્ટ છે કે તેમને પાકિસ્તાનમાં જ ટ્રેનિંગ મળી હતી અને ભારતમાં હુમલો કરવા માટે સરહદ પાર કરીને આવ્યા હતા. નગરોટાના આતંકવાદીઓનું ટ્રેનિંગ મોડ્યૂલ ઘણી હદ સુધી ૨૦૦૮ મુંબઈ હુમલામાં પકડાયેલા અજમલ કસાબની ટ્રેનિંગથી મળતુ આવે છે.

આ આતંકવાદીઓને અત્યંત સખ્ત ટ્રેનિંગ બાદ સરહદ પાર કરાવવામાં આવે છે. આ ટ્રેનિંગ અનેક તબક્કાઓમાં ચાલે છે અને પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરમાં આખું વર્ષ કેમ્પ ચાલે છે. ભારતીય સેનાએ વર્ષ ૨૦૧૮માં જમાત-ઉદ-દાવાના એક આતંકવાદી જૈબુલ્લાહને પકડ્યો હતો. તેણે આતંકવાદીઓની ટ્રેનિંગના આખા ષડયંત્રને સામે રાખી દીધું હતુ.

# આસામના પૂર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈનું નિધન

**મોદી સહિત રાજનેતાઓએ શોક દર્શાવ્યો : ૩ વાર આસામના સીએમ રહી ચૂકેલ ૮૪ વર્ષના ગોગોઈને બે નવેમ્બરના રોજ જીએમસીએચમાં સારવાર હેઠળ હતાં**

ગૌહાટી,તા.૨૩

આસામમાં પૂર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈનું ૮૬ વર્ષની વયે સોમવારે સાંજે નિધન થયું હતું. ગૌહાટી મેડિકલ કોલેજમાં સાંજે આશરે સાડા પાંચ કલાકે તેમનું નિધન થયું હતું. ગોગોઈના નિધન પર વડાપ્રધાન મોદી સહિત અનેક મોટા નેતાઓએ શોક દર્શાવ્યો છે. ૮૬ વર્ષની ઉંમર પાર કરી ચૂકેલા વરિષ્ઠ કોંગ્રેસ નેતાની દેખભાળ ૯ ડોક્ટર્સની ટીમ કરી રહી હતી. તેમની હાલત ખૂબ જ નાજુક હતી અને તેઓ વેન્ટિલેટર પર હતાં. ગોગોઈના અંગોએ પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું. જોકે, તેમનું મગજ હજુ પણ કેટલાક સંકેતો ઝીલી લેવા માટે સક્ષમ હતું. આંખો પણ બરાબર કામ કરી રહી હતી અને પેસમેકર લગાવ્યા પછી તેમનું હૃદય પણ કામ કરી રહ્યું હતું. આ સિવાય ગોગોઈના તમામ અંગો કામ કરી રહેતા નહોતાં. તરુણ ગોગોઈનું રવિવારે છ કલાક ડાયાલિસિસ સારવાર ચાલી હતી. તેમનું શરીર વિષાક્ત થઈ ગયું હતું. તેમની હાલત એવી સ્થિર નહોતી કે તેમનું બીજી વાર



ડાયાલિસિસ થઈ શકે. ૩ વાર આસામના મુખ્યમંત્રી રહી ચૂકેલા ૮૪ વર્ષના ગોગોઈને બે નવેમ્બરના રોજ જીએમસીએચમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતાં. શનિવારે તબીયત ફરી લથડતા તેમને શનિવારે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતાં. ગોગોઈ ૨૫ ઓગસ્ટના રોજ કોરોના વાયરસ સંક્રમિત હતા અને ત્યારબાદ તેમને જીએમસીએચમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતાં.

